## આવતીકાલનો ઉજાસ



મનન ભટ્ટ
ધોરણ-૮
સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલ

ઉગતી વયે અભ્યાસની સાથે એક નહીં પણ અનેકવિધ પ્રવૃત્તિઓમાં અગ્રસ્થાનધરાવવું એ મનનની વિશિષ્ટ સિદ્ધિ છે. તેણે કરાટેમાં બ્લેક બેલ્ટ, જિલ્લા રાયફલ ઍસોસિએશન દ્વારા યોજાયેલ રાયફલ શૂટીંગમાં તૃતિય સ્થાન તેમજ મેથ્સ ઓલમ્પિયાડમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. તેને ક્રિકેટનો પણ ખૂબ શોખ છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત 'જય જય ગરવી ગુજરાત' નાટકમાં સફળતાપૂર્વક ભાગ લઈ તેણે લોકપ્રશંસા પ્રાપ્ત કરી હતી. સાયન્સ ફેર, ડ્રોઈંગ, ટ્રેકીંગ, બર્ડ વૉચીંગ જેવી વિવિધ પ્રવૃત્તિઓમાં પણ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પર્યાવરણ વિશે જાણકારી મેળવે છે.

## માનવ મહેતાના શાનદાર શતકને લીધે એમ'પાવર ટીમ વિજયી



ગાંધીનગર, તા. ૪

તાજેતરમાં મનસુખભાઈ પરમાર અંડર-૧૪ ક્રિકેટ ટુર્નામેન્ટ અંતર્ગત M'Power ક્રિકેટ એકેડેમીએ વિદ્યાપીઠ-એની ટીમ સામે જાણીતા યુવા ક્રિકેટર માનવ મહેતાના અણનમ શતકની મદદથી ભવ્ય વિજય મેળવ્યો હતો. ઉગતા ક્રિકેટર માનવ મહેતાએ ૧૨ ચોગ્ગાની મદદથી ૮૪ બોલમાં આકર્ષક શાનદાર પ્રથમ શતકમાં ૧૦૬ રન નોંધાવીને અણનમ રહ્યા હતાં. ધૈરવ ઓઝાએ ૯ ચોગ્ગાની મદદથી ૩૪ બોલમાં ૫૭, જીલ શુક્લાએ બે ચોગ્ગાની મદદથી ૩૧ બોલમાં ૩૩ રની મદદથી M'Power ટીમે ૨૫ ઓવરમાં ૨૦૮નો વિશાળ જંગી જુમલો નોંધાવ્યો હતો. વિદ્યાપીઠ-એની સમગ્ર ટીમ ૧૭.૪ ઓવરમાં ૮૯ રનના જુમલે ઓલઆઉટ થઈ ગઈ હતી. ફક્ત મોનીલ પટેલ ૨૧ રન નોંધાવી શક્યો હતો. જીલે ૧૧ રન આપીને ૩ વિકેટ ઝડપી હતી.

# લગ્નની ૩૮મી વર્ષગાંઠ ને શિક્ષકનો વિદાય સમારોહ



ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરની સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૨૦ ખાતે મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવતાં જશુમતિબેન અગ્રાવતનો વિદાય સમારોહ આજે યોગાનુયોગ તેમનાં લગ્નની ૩૮મી વર્ષગાંઠને દિવસે જ યોજાયો હતો.

શાળા પરિસર ખાતે આજે સવારે યોજાયેલા વિદાય સમારોહની શરૂઆત કુ. રિયા નિમાવતના સ્વાગત નૃત્યથી થઈ હતી. ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓએ નૃત્યગીતની પ્રસ્તુતિ કરી હતી. સમારોહમાં અતિથિ તરીકે ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ, સમાજસેવક જ્યોત્સ્નાબેન બુચ, ગુજરાત વિધાનસભાના નિવૃત્ત નાયબ સચિવ નૌતમલાલ નિમાવત, વન વિભાગના નિવૃત્ત અધિકારી કિરીટભાઈ અગ્રાવત, ગીરાબેન પટેલ, એસએમસી પ્રમુખ આનંદબા, શાસનાધિકારી રાઠોડ, સૅક્ટર-૬ પગાર કેન્દ્ર શાળાના આચાર્ય ઈશ્વરભાઈ પટેલ, સૅક્ટર-૨૧ પગાર કેન્દ્ર શાળાનાં આચાર્ય રમિલાબેન જયસ્વાલ, નિવૃત્ત આચાર્ય જ્યોતિકાબેન રાવલ, ગ્રાહક સુરક્ષા સમિતિના પ્રમુખ નરેન્દ્રભાઈ પંચાલ, લાયોનેસ ક્લબનાં પૂર્વ પ્રમુખ અંજલી ભટ્ટ ઉપસ્થિત રહ્યાં હતાં.

ઉપસ્થિત સર્વ મહાનુભાવોએ જશુમતીબેનની કારકિર્દીને બિરદાવી તેમનો નિવૃત્તિકાળ તેમના પરિવાર તથા સમાજ માટે ઉપયોગી થાય તેવી શુભકામનાઓ પાઠવી હતી.

સ્ટાફનાં શિક્ષકોએ નિવૃત્ત થઈ રહેલાં મુખ્ય શિક્ષક જશુમતિબેન સાથેનાં સંભારણાં યાદ કરી તેમને ભાવવિભોર કરી દીધા હતાં. શાસનાધિકારીએ આ નિષ્ઠ શિક્ષકને શ્રીફળ, પ્રમાણપત્ર તથા શાલ એનાયત કરીને સન્માનભેર વિદાય અર્પણ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઈન્દુમતિ નિમાવતે કર્યું હતું તથા અંતે આભાર દર્શન ઈશ્વરભાઈ પટેલે કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્ટાફના શિક્ષકોએ ભારે જહેમત ઊઠાવી હતી.

## મહર્ષિ ફાઉન્ડેશન આયોજિત ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટનું સમાપન



ગાંધીનગર, તા.૪

મહર્ષિ ફાઉન્ડેશન દ્વારા આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટ (અન્ડર-૧૫)માં રોયલ ઈલેવન ટીમ ચેમ્પિયન અને કાર્મેલ ટાઈગર્સ ટીમ રનર્સ-અપ થઈ છે. માઉન્ટ કાર્મેલ સ્કૂલના સિસ્ટર વેરોનીકા સ્ટેડિયમ ખાતે વિજેતાઓને સિસ્ટર વિમલા તથા ગાંધીનગર મહાનગરપાલિકાના નગરસેવક આશિષભાઈ દવે, કેતુલ એન્ટરપ્રાઈઝીશના સુકેતુભાઈ દેવ, જાણીતા ક્રિકેટર અને કોચ વત્સલ વૉરા તથા લાયન્સ ક્લબના પ્રમુખ વિજયભાઈ કંસારાના વરદ્ હસ્તે ટ્રૉફી, રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્રો એનાયત કરાયાં હતાં. વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવતાં સિસ્ટર વિમલાએ જણાવ્યું હતું કે ટીમમાં જેમ પ્રત્યેક ખેલાડીનું યોગદાન અગત્યનું છે તેમ સમાજ જીવનમાં પણ વ્યક્તિ નાની હોય કે મોટી - તેની ભૂમિકા અત્યંત મહત્ત્વની છે. દરેકે પોતાને ફાળે આવતું કર્તવ્ય ખૂબ જવાબદારીપૂર્વક બજાવવું જોઈએ.

મહર્ષિ ફાઉન્ડેશનનાં અધ્યક્ષ મમતા રાવલે ફાઉન્ડેશનની પ્રવૃત્તિઓનો ચિતાર આપ્યો હતો.

નીલ ભાવસારને બેસ્ટ બેટ્સમેન ઓફ ધી ટુર્નામેન્ટ ઘોષિત કરાયા હતા. કાર્મેલ ટાઈગર્સના મહર્ષિ રાવલ બેસ્ટ બૉલર ઑફ ધી ટુર્નામેન્ટ રહ્યા હતા. ગાંધીનગરની આઠ ટીમોએ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો. ત્રણ દિવસ ચાલેલી આ ટુર્નામેન્ટમાં મેહુલ તથા તુષારે અમ્પાયર તરીકે અને સૌમિલ ભટ્ટે સ્કોરર તરીકે સેવાઓ આપી હતી.

# વાર્ષિક પરીક્ષા પરિણામ

## શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળા

| ધોરણ | રેન્ક | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|---|
| ૧ એ | ૧ | પટેલ અંશ કનુભાઈ | ૯૯ |
| | ૨ | પટેલ સ્મિત પંકજભાઈ | ૯૮.૬૭ |
| | ૨ | ઠક્કર સ્મિત પાર્થકુમાર | ૯૮.૬૭ |
| | ૩ | પટેલ જૈનિલ પિયુષકુમાર | ૯૮.૩૩ |
| ૧ બી | ૧ | મિસ્ત્રી યુગ ભાવેશકુમાર | ૯૯.૬૭ |
| | ૨ | જયસ્વાલ ધ્યાન ધવલકુમાર | ૯૮.૩૩ |
| | ૩ | ગુલવે પ્રથમ પ્રવિણભાઈ | ૯૫.૬૭ |
| | ૩ | પટેલ ઓમ પ્રજ્ઞેશભાઈ | ૯૫.૬૭ |
| ૧ સી | ૧ | ચૌધરી હેમાંગ મહેન્દ્રભાઈ | ૯૯.૬૭ |
| | ૨ | પટેલ ક્રિશ દિનેશભાઈ | ૯૯.૩૩ |
| | ૩ | બાલાસરા દ્રોણ પ્રકાશભાઈ | ૯૯ |
| ૧ ડી | ૧ | કરંગીયા કરણ કરસનભાઈ | ૯૭.૩૩ |
| | ૨ | પટેલ ક્રિશ વિજયકુમાર | ૯૬.૩૩ |
| | ૩ | પટેલ માનવેન્દ્ર વિષ્ણુભાઈ | ૯૬ |
| ૧ ઈ | ૧ | પટેલ તનીશ દિલીપભાઈ | ૯૭.૬૭ |
| | ૧ | શ્રીમાળી તક્ષ બિપીનભાઈ | ૯૭.૬૭ |
| | ૨ | પટેલ સ્મિત કિરીટભાઈ | ૯૭.૩૩ |
| | ૩ | સોની વ્રજ બિપીનભાઈ | ૯૭ |
| ૧ એફ | ૧ | દરજી આર્યન શૈલેષકુમાર | ૧૦૦ |
| | ૨ | દરજી દેવ મહેશભાઈ | ૯૯.૩૩ |
| | ૩ | પારેખ પ્રીત મહેન્દ્રકુમાર | ૯૬.૩૩ |
| ૧ જી | ૧ | ચૌધરી આદિત્ય શીવરામભાઈ | ૯૭.૬૭ |
| | ૨ | ચૌધરી હર્ષ સુરેશભાઈ | ૯૬ |
| | ૩ | રાજ પાર્થસિંહ કિશોરસિંહ | ૯૫.૩૩ |
| ૨ એ | ૧ | ગામીત ધૃવિલ નવીનભાઈ | ૧૦૦ |
| | ૧ | પટેલ ક્રિશ વાસુભાઈ | ૧૦૦ |
| | ૧ | સુખડિયા વેદ હરેશકુમાર | ૧૦૦ |
| | ૨ | પટેલ જિમીલ કનુભાઈ | ૯૯.૬૭ |
| | ૩ | ડામોર શુભમ્ સંજયભાઈ | ૯૯.૩૩ |
| | ૩ | પ્રજાપતિ મિહિર અશ્વિનકુમાર | ૯૯.૩૩ |
| ૨ બી | ૧ | પટેલ ધૃવિલ નીતિનકુમાર | ૧૦૦ |
| | ૨ | ચૌધરી વિપુલ રમેશભાઈ | ૯૯.૬૭ |
| | ૨ | પટેલ ધ્યાન જગદીશભાઈ | ૯૯.૬૭ |
| | ૩ | પટેલ અક્ષ લલિતકુમાર | ૯૯.૩૩ |
| ૨ સી | ૧ | મલેક નઈમમહંમદ ફૈઝમહંમદ | ૧૦૦ |
| | ૧ | પટેલ પ્રેમકુમાર હરેશભાઈ | ૧૦૦ |
| | ૧ | વાઘેલા મીતરાજસિંહ કિરીટસિંહ | ૧૦૦ |
| | ૧ | વિહોલ દિવ્યરાજ નરેન્દ્રસિંહ | ૧૦૦ |
| | ૨ | પટેલ અભિ અલ્પેશકુમાર | ૯૯.૬૭ |
| | ૨ | પટેલ કીર્તન કલ્પેશકુમાર | ૯૯.૬૭ |
| | ૩ | ઓડ હર્ષ નરેન્દ્રકુમાર | ૯૯.૩૩ |
| | ૩ | પંચાલ હિત જતીનકુમાર | ૯૯.૩૩ |
| | ૩ | પટેલિયા વિજયકુમાર ગણપતસિંહ | ૯૯.૩૩ |
| ૨ ડી | ૧ | પ્રજાપતિ ઋતુલ દશરથભાઈ | ૯૯.૩૩ |
| | ૨ | દંતાણી પ્રિન્સ વિજયકુમાર | ૯૮.૩૩ |
| | ૩ | આગજા જૈમિન પંકજકુમાર | ૯૭.૩૩ |
| | ૩ | વાઘેલા પાર્થિવસિંહ દિલીપસિંહ | ૯૭.૩૩ |
| ૨ ઈ | ૧ | આગજા યશ ભાવેશકુમાર | ૧૦૦ |
| | ૧ | ચૌહાણ વ્રજ જયેશકુમાર | ૧૦૦ |
| | ૧ | પંચાલ જય નિલેશકુમાર | ૧૦૦ |
| | ૨ | ભાટી ફુલવીર મહેન્દ્રસિંહ | ૯૯.૬૭ |
| | ૨ | પટેલ અક્ષર નરેશભાઈ | ૯૯.૬૭ |
| | ૩ | રાણા મહાવીર ભરતસિંહ | ૯૯.૩૩ |
| ૨ એફ | ૧ | સુખડિયા પ્રેરક યોગેશકુમાર | ૧૦૦ |
| | ૨ | પટેલ સમીર ગૌતમકુમાર | ૯૯.૬૭ |
| | ૩ | પ્રજાપતિ ક્રિશ અરવિંદભાઈ | ૯૯.૩૩ |
| ૨ જી | ૧ | પટેલ મિહિર નિલેશભાઈ | ૧૦૦ |
| | ૨ | ચૌધરી તુષાર અવચળભાઈ | ૯૮.૬૭ |
| | ૩ | ચૌધરી રુદ્ર રમેશભાઈ | ૯૮.૩૩ |
| ૩ એ | ૧ | ધોબી લવ હિતેશકુમાર | ૯૯.૫૦ |
| | ૨ | પટેલ પ્રથિત જગદીશભાઈ | ૯૯ |
| | ૩ | પટેલ ક્રિષ્ણા અરવિંદકુમાર | ૯૮.૭૫ |
| ૩ બી | ૧ | પટેલ નીલ ચંદ્રકાન્તભાઈ | ૯૫.૭૫ |
| | ૧ | વ્યાસ પૂજન નિરંજનભાઈ | ૯૫.૭૫ |
| | ૨ | પટેલ જશ દિનેશભાઈ | ૯૪.૭૫ |
| | ૩ | શેખ મોહમદઝેઈમ મોહસીનુદ્દીન | ૯૪.૫૦ |
| ૩ સી | ૧ | પટેલ વ્રજ કનુભાઈ | ૯૮.૭૫ |
| | ૨ | પટેલ કથન સંજયકુમાર | ૯૮.૨૫ |
| | ૩ | દરજી ઉર્વિશ રાજેશકુમાર | ૯૮ |
| ૩ ડી | ૧ | પટેલ રુદ્ર હસમુખભાઈ | ૯૭ |
| | ૨ | પટેલ દર્શન ગિરીશકુમાર | ૯૬ |
| | ૩ | શાહ ધૃવ જિનેશકુમાર | ૯૨.૨૫ |
| ૩ ઈ | ૧ | પટેલ દેવ જિજ્ઞેશકુમાર | ૯૮.૫૦ |
| | ૨ | પટેલ પરમ બદ્રિશકુમાર | ૯૮.૨૫ |
| | ૩ | પ્રજાપતિ દેવમ્ ડાહ્યાભાઈ | ૯૭.૭૫ |
| ૩ એફ | ૧ | પટેલ સિદ્ધાંત મહેન્દ્રકુમાર | ૯૭.૫૦ |
| | ૨ | પટેલ ઉત્પલકુમાર વિષ્ણુભાઈ | ૯૬.૭૫ |
| | ૩ | પટેલ હેરિક પ્રવિણકુમાર | ૯૧.૨૫ |
| | ૩ | દિવાન યશ રમેશચંદ્ર | ૯૧.૨૫ |
| ૩ જી | ૧ | પટેલ દીપ જયેશકુમાર | ૯૬.૫૦ |
| | ૨ | વાઘેલા કૃષ્ણપાલસિંહ વિરેન્દ્રસિંહ | ૯૪.૦૦ |
| | ૩ | પરમાર નિશાંત ભીખાભાઈ | ૮૯.૭૫ |
| ૪ એ | ૧ | પટેલ કૃતજ્ઞ ભૂપેન્દ્રભાઈ | ૯૯.૪૦ |
| | ૨ | પટેલ જય ચંદ્રકાન્તભાઈ | ૯૮.૦૦ |
| | ૩ | ઓઝા વૈભવ પ્રદીપકુમાર | ૯૭.૮૦ |
| ૪ બી | ૧ | મહેરિયા પૂર્વાંગ વિપુલભાઈ | ૯૯ |
| | ૧ | પરમાર વૈભવ મણીલાલ | ૯૯ |
| | ૨ | અનાવાડીયા જ્યોતિન્દ્ર પૂનમચંદ | ૯૮.૨૦ |
| | ૩ | પટેલ ધૃવિલ રાજેન્દ્રભાઈ | ૯૭.૮૦ |
| ૪ સી | ૧ | મકવાણા કીર્તન ધર્મેન્દ્રભાઈ | ૯૮ |
| | ૧ | સોની દીપ જયેશકુમાર | ૯૮ |
| | ૨ | પટેલ ધૈર્ય અનિલકુમાર | ૯૬.૬૦ |
| | ૩ | વ્યાસ ઓમ સનતકુમાર | ૯૨.૮૦ |
| ૪ ડી | ૧ | પટેલ જીલ અરવિંદકુમાર | ૯૮.૮૦ |
| | ૨ | પટેલ પાર્થિવ અનિલકુમાર | ૯૮ |
| | ૩ | દરજી તીર્થ કેતનકુમાર | ૯૧.૪૦ |
| ૪ ઈ | ૧ | પટેલ પાર્થ દિનેશભાઈ | ૯૬.૨૦ |
| | ૧ | પટેલ રવિ દિનેશભાઈ | ૯૬.૨૦ |
| | ૨ | રાઠોડ કૃણાલસિંહ સુરેશસિંહ | ૯૫.૮૦ |
| | ૩ | સંગાર ભાવિક ધનજીભાઈ | ૯૩ |
| ૪ એફ | ૧ | જાની ભવ્ય હિતેશકુમાર | ૯૭ |
| | ૨ | શાહ અમન મનિષભાઈ | ૯૬ |
| | ૩ | અડાલજા સ્મિત પંકજકુમાર | ૯૪.૪૦ |
| ૪ જી | ૧ | આહિર જિજ્ઞેશ ભીખાભાઈ | ૯૩.૨૦ |
| | ૨ | સુતરિયા હેમાંગ સુરેશભાઈ | ૮૮.૪૦ |
| | ૩ | સિસોદીયા દિવ્યરાજ રાજેન્દ્રસિંહ | ૮૭.૮૦ |

## શિવાજી શિશુમંદિર

| ધોરણ | રેન્ક | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|---|
| જુકેજી | ૧ | ભલ્લા રિદિમા વિનોદ | ૮૯.૫ |
| | ૨ | ઉદેચા હર્ષ વિનોદ | ૮૨.૫ |
| | ૩ | સિંઘ દિપાંશુ સમય | ૮૧.૫ |
| | ૩ | યાજ્ઞિક જૈનિશ અનંતભાઈ | ૮૧.૫ |
| જુકેજી | ૧ | દેસાઈ વિશ્વા અરવિંદભાઈ | ૯૬.૨ |
| | ૨ | ડાભી દિવ્ય જશવંતભાઈ | ૯૪.૪ |
| | ૨ | શ્રીમાળી અંજલી રજનીકાન્ત | ૯૪.૪ |
| | ૩ | રાણા રુદ્ર પ્રિતેશકુમાર | ૯૪ |
| સિકેજી | ૧ | ચાવડા ભવ્યા નરેશ | ૮૫.૫ |
| | ૨ | જાડેજા માનસીબા નિર્મલસિંહ | ૮૪.૫ |
| સિકેજી | ૧ | વાઘેલા નિશા વિપુલભાઈ | ૯૪.૮ |
| | ૧ | સોમેસરા ક્રિષ્ણા પ્રવિણભાઈ | ૯૪.૮ |
| | ૨ | રબારી બિરેન જીવાભાઈ | ૯૪ |
| | ૨ | સોલંકી કૃણાલ મયુરભાઈ | ૯૪ |

# જીભે સરસ્વતીનો વાસ, વાણીમાં મીઠાશ, દૃષ્ટિમાં ઉજાસ

## ડૉ. કલ્યાણસિંહ ચંપાવતને બોલતા સાંભળવા જેવા છે, વાક્છટા બેનમૂન છે, એકાદ કલાકના એકધારા વકતવ્યમાં તેમની જીભ એકપણ ચૂક કરતી નથી

**આગવો માણસ - આપણો માણસ**
**- કિશોર જીકાદરા**
gsrelation@yahoo.com



રાજહંસની પાંખ સમો ધોળોફૂલ લિબાસ, જીભે સરસ્વતીનો વાસ, વાણીમાં મીઠાશ, દૃષ્ટિમાં ઉજાસ, હૈયે હળવાશ, આંખોમાં સચ્ચાઈ, સંસ્કારની ચાઈ, જ્ઞાનની ડાઈ, સ્વભાવની નરમાઈ, રાજપૂતી ગરવાઈ, નખશીખ નરવાઈ અને પૈસેટકે સરખાઈ! આ સઘળાં ફીચર્સ એક જ પેકેજમાં જોવાં હોય તો તમારે સેકટર : ૭-એ માં પ્લોટ નંબર: ૨૪૩ માં ચાલતી સ્માર્ટ એકેડેમીના ચેરમેન અને એમ.ડી., ડૉ. કલ્યાણસિંહ ચંપાવતને રૂબરૂ મળવા જવું પડે. હું તો રૂબરૂ ગયો છું. કહો તો તમને પણ અબઘડી મુલાકાત કરાવી દઉં! અહીંયા, આ લેખમાં જ !

આજથી ૪૯ વર્ષ પહેલા સાબરકાંઠા જિલ્લાના ભીલોડા તાલુકાના ડુંગરાળ પ્રદેશ વાંકાનેર ગામે સંસ્કારી રાજપૂત પરિવારમાં આ હોનહારનું અવતરણ. ગિરિકંદરાઓ વચ્ચે જ શૈશવનો એકડો ઘૂંટાયો. બે પાંચ હાથ દૂરથી બેઠેલા વાઘ પાસેથી પસાર થવાના અનેક પ્રસંગો બનતા, પણ ડરે તો એ સિંહ શાના? જન્મ્યા ત્યારે મોંમાં ચાંદીનો ચમચો નહોતો. કદાચ હાથમાં કલમ હશે પણ તે તરફ કોઈનું ધ્યાન ગયું નહીં હોય! કહે છે ને કે પુત્રના લક્ષણ પારણામાંથી! હજુ તો પહેલ પડે તે પહેલા જ આ હીરાએ ચમકવાનું શરુ કર્યુ. પ્રથમ નંબરે પાસ થયા અને પછી પ્રથમ નંબરે પાસ થવાની આ બાળકને આદત પડી ગઈ! નવ જીવનો બહોળો પરિવાર. આર્થિક સ્થિતિ નબળી. પૈસાના અભાવે ક્યારેક ભીલોડા સુધી ચાલીને ભણવા જવું પડે. ખુદના ભણતરનો ખર્ચ નીકળી શકે તેવા પ્રયત્નો કરવા પડ્યા. ધોરણ ૧૨ સુધી ભણતાં ભણતાં ટયૂશનો કર્યા. પેટની ભૂખ કરતાં વાંચનભૂખ વધુ તીવ્ર હતી. સત્યના પ્રયોગોની સંક્ષિપ્ત આવૃત્તિ હાથમાં આવી. વાંચી નાંખી. પૂરી સમજણ સાથે ગાંધીને આત્મસાત કરવાનો મનોમન સંકલ્પ કર્યો. વાંચનભૂખ વધુ તીવ્ર બની. ખોરાક મળ્યો વિવેકાનંદના જીવનચરિત્રનો! વિવેકાનંદમાં રહેલા વકતૃત્વ, નેતૃત્વ અને યાદશકિતના ત્રણ ગુણો તેમને અત્યંત પ્રભાવિત કરી ગયા. ડૉ. કલ્યાણસિંહ આજે જે બાબતો અંગે વિખ્યાત છે તેનો પાયો આ વયે જ નંખાયો અને પાયો એવો તો મજબૂત નંખાયો કે આજે આપણું ગાંધીનગર જ નહીં, સમગ્ર ગૂર્જર દેશ ગૌરવ લઈ શકે તેવી ઈમારત આજે ગાંધીનગરની શાન બની ગઈ છે. ડૉ. કલ્યાણસિંહ ચંપાવતને બોલતા સાંભળવા જેવા છે. વાક્છટા બેનમૂન છે, એકાદ કલાકના એકધારા વકતવ્યમાં તેમની જીભ એકપણ ચૂક કરતી નથી. તેઓ ક્યારે શ્વાસ લે છે તેની પણ ખબર ન પડે તે રીતે તેઓ અસ્ખલિત બોલી શકે છે. તેમની આ છટા શ્રોતાઓને પ્રભાવિત કરી જાય છે. કેટલાક પ્રસંગોએ એવું પણ નોંધવામાં આવ્યું છે કે એક કલાકના દીર્ઘ વક્તવ્ય દરમિયાન સભાખંડમાંથી એકપણ શ્રોતા એકાદ મિનિટ માટે પણ ઠીને બહાર ગયો નથી, કુદરતી આવેગ માટે પણ નહીં! ડૉ. ચંપાવતની આ વાતો નવાઈ ઉપજાવે તેવી હોવા છતાં, આજે હકીકત બની ગઈ છે. કેવી મજબૂત પકકડ હશે તેમના ભાષણમાં? વકતવ્ય સંબંધી વિવેકાનંદનો આ ગુણ તેમનામાં આટલી હદ સુધી ખીલી જશે તેની જાણ કદાચ તેમને ખુદનેય નહીં હોય! ડૉ. ચંપાવતનો નોંધવા જેવો બીજો ગુણ તે તેમની યાદશકિત. તેમના દિમાગના પટારામાં કેટલું ભર્યું હશે તે તો રામ જ જાણે! ભાષણ માટેની સામગ્રી તેઓ એકઠી કરતા નથી, કદી કાગળ પર ઉતારતા નથી, પ્રસંગ આવ્યે દિમાગનું એક ખાનું આપમેળે ખૂલી જાય છે ને નીકળી પડે છે જ્ઞાન અને માહિતીનો અખૂટ ખજાનો !

રાજય સરકારે તેમના કર્મયોગીઓને તાલીમ આપવાનું નકકી કર્યું ત્યારે આ હીરાની સાચી પરખ ગુજરાતને થઈ. રાજય સરકારે કલ્યાણસિંહ ચંપાવતની કર્મયોગી મહાઅભિયાન અંતર્ગત માસ્ટર્ ટ્રેનર તરીકે નિમણુંક કરી. છેલ્લા વીસેક વર્ષથી ગાંધીનગર ખાતે તેઓ સ્માર્ટ એકેડેમી ચલાવી રહયા છે. એક હજાર કરતા પણ વધારે સામાજિક, શૈક્ષણિક અને સેવાભાવી સંસ્થાઓમાં વિવિધ વિષયો ઉપર બાળકો, વિદ્યાર્થીઓ, સરકારી કર્મચારીઓ અને અધિકારીઓને સેમીનારો યોજીને તાલીમ આપી ચૂકયા છે. વિષ્ણુ સહસ્ત્ર વાંચ્યા પછી એક હજાર વિષયોની યાદી તેમણે તૈયાર કરી છે અને તત્સંબંધી કોઈ પણ સંદર્ભો કે કાચી સામગ્રી જોયા સિવાય સતત એક હજાર કલાક કરતા પણ વધુ કલાકો સુધી પ્રવચન કરવાનો તેમનો દાવો લિમ્કા બૂક ઓફ રેકોર્ડઝમાં નોંધાયો છે. આપણા ગાંધીનગરનું આ ગૌરવ છે. આ દિશાનો કોઈ વર્લ્ડ રેકોર્ડ હોય તો તે તોડવાની પણ તેમની તૈયારી છે. તેઓ ૩૦૦ વિષયોના જાયન્ટ એકસપર્ટ અને માસ્ટર ટ્રેનર છે. ગુજરાત સરકાર સંચાલિત તાલીમી સંસ્થાઓ જેવી કે, સ્પીપા, ગેરી, વાલ્મી, એન.આઈ.સી.એમ., ગાંધી લેબર ઈન્સ્ટીટયૂટ, પોલિસ ટ્રેનીંગ એકેડેમી, ફોરેસ્ટ ટ્રેનિંગ સેન્ટર વગરે સંસ્થાઓમાં અનેક અધિકારીઓને વિવિધ વિષયો ઉપર સફળ તાલીમ આપી રહયા છે. તેઓએ મનની શકિતના ચમત્કારોના જીવંત પ્રયોગોના અનેક નિદર્શનો પણ કર્યા છે. કેરિયર ડેવલપમેન્ટની તાલીમના તેઓ પર્યાય બની ગયા છે. વાંચે ગુજરાત અભિયાનમાં તેમનું યોગદાન નોંધનીય રહયું છે. ભણતર માટે તેઓ કહે છે કે ઓન્લી સ્કાય ઈઝ ધી લિમિટ. તેઓ બી.એસ.સી., બી.એડ, એલ.એલ.બી.,એમ.બી.એ., અને પીએચ.ડી થયા છે છતાં પણ પોતાની જાતને હજી પણ વિદ્યાર્થી માને છે અને આજીવન વિદ્યાર્થી રહેવામાં માનનારા છે. તેઓ રોજનું એક પુસ્તક વાંચે છે. મહાપુરુષોના જીવનચરિત્રો તેમને વાંચવા ગમે છે. દિલ્હી ખાતે યુગાન્ડાના હાઈ કમિશનરના વરદ હસ્તે યુનો ૨૦૦૭ ઈન્ટરનેશનલ બેસ્ટ મોટીવેશન ટ્રેનરનો એવોર્ડ અને ઈન્ડીયન ઈન્સ્ટીટયૂટ ઓફ ઈકોલોજી એન્ડ એન્વાવાયરમેન્ટ ખાતે નામિબીયાના હાઈકમિશનરના વરદહસ્તે સાયન્ટીફીક એન્ડ વોકેશનલ એજયુકેશન (સ્વીરુફૂ)નો નેશનલ એવોર્ડ પ્રાપ્ત કરીને તેમણે ગાંધીનગરનું નામ રોશન કર્યું છે.

કોઈ સમયે તેમના મોભાદાર સ્થાન અને નામને કારણે તેઓ ચૂંટાય જ જશે તેવા વિશ્વાસથી એક રાજકીય પક્ષે તેમને વિધાનસભાની ટિકિટ પણ ઓફર કરેલી. પણ રાજકારણ અને રાજનીતિથી તેમણે દૂર રહેવાનું જ મુનાસિબ માન્યું. વિદ્યાર્થીકાળમાં જે જે જગ્યાએ નેતાગીરી કરવાની તેમને તકો મળી ત્યાં ત્યાં તેઓ બિનહરીફ જ ચૂંટાયા. તેમની પ્રતિભાનાં એ સાચાં પ્રતિબિંબો હતાં! થોડી અંગત વાત કરું તો તેઓ પરિણિત હોવા છતાં એકલા રહે છે. રખે કોઈ શંકા કરતા. તેઓ તેમના ધર્મપત્નીથી સંતુષ્ટ છે એક પૂત્ર છે, તબીબી સ્નાતક થઈ ઉતર્યો છે. પરિવાર પ્રત્યેની તમામ નૈતિક જવાબદારી તેઓ પૂરી સભાનતાથી વહન કરે છે પણ તેમના જીવનની દિશા તેમણે નકકી કરી લીધી છે. જીવનઘડતરના પાઠ શીખતા અને શીખવાડતા તેઓ મા-બાપથી દૂર થયા છે, ખુદના સંસારને ય ભૂલી ગયા છે. લગ્નના એક જ વર્ષ પછી તેમણે તેમના જીવનના તમામ ક્ષેત્રોમાંથી રંગોને ત્યજી દીધા છે. રંગીન અને સંગીન વચ્ચેનો ભેદ પૂરેપૂરો સમજીને તેમણે જીવનને સંગીન બનાવવાનું ઠાની લીધું છે. રાજપૂત ઘરાનો હોવાથી વડીલો દ્વારા મદ્યપાન, ધૂમ્રપાન અને માંસાહારની કોઈ સમયે તેમને ફરજ પાડવામાં આવી હતી. અબૂધવયે થયેલા આ સ્ખલનના સ્વીકાર સાથે તેઓ ત્યારબાદ પોતાની જાતને આ દૂષણોથી જોજનો દૂર કરી શકયા છે તે મોટી બાબત છે. સફેદ વસ્ત્રોની કેટલીક જોડીઓ અને એક કબાટ તેમનું જીવન છે. તેઓ સાદગીના આગ્રહી છે, પોતાના કપડાં તેઓ જાતે ધૂએ છે. ટિફીન મંગાવીને ફકત એક ટંક ખાઈ લે છે. રાત્રે એક વાગ્યા સુધી જાગે છે, ભોંયપથારીએ સૂએ છે,વહેલા ઠે છે, લગ્ન પછી સોનાચાંદી, ઘરેણાનો ત્યાગ કર્યો છે, આર્થિક સધ્ધરતા ઘણી છે, ધારે તો ફાઈવસ્ટાર હોટેલની જાહોજલાલી માણી શકે છે પણ ભાડાના ઘરમાં રહે છે. સફેદ વસ્ત્ર પરિધાન તેમની આગવી ઓળખ છે. પ્રસંગોપાત કયારેક સૂટ પહેરી લે છે પણ વિચારોની સાદગીને તેમને છિન્ન થવા દીધી નથી. અનાથાલયો, વૃધ્ધાશ્રમો તેમની સેવાના લાભાર્થી છે. જીવનમાં પડકારો તેમને ગમે છે. દુશ્મની શબ્દ તેમની ડીકસનેરીમાં નથી. તેમની વ્યાવસાયિક પ્રવૃત્તિ, તાલીમ પ્રવૃત્તિ, સામાજિક પ્રવૃત્તિ,સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિષે લખવા બેસું તો એક દળદાર બાયોડેટા સમો આ લેખ બની જશે તેવો મને અંદેશો છે તેથી તે ટાળું છું. છતાં કેટલીક વિશિષ્ટ સિધ્ધિઓ ટાંકવાનું હું ટાળી શકતો નથી. તેઓ ગુજરાત રાજયની વિધાનસભાની ૧૮૨ સીટોના નામો કડકડાટ બોલી જાય છે. કદાચ આ નામો કંઠસ્થ હોય તેવો ભાગ્યે જ કોઈ જણ ગાંધીનગરમાં હશે! આ ઉપરાંત વિવિધ મૂળાક્ષરથી શરુ થતાં શબ્દોથી બનતા વાકયો અને વાકય સમૂહો, જેને વાંચતા પણ ચૂક કરી બેસાય તેને કંઠસ્થ બોલી જવાની કળાના તે માહેર છે. તેમના લિખિત સ્વર્ણિમ ગુજરાત ૨૦૧૧ ના પાને પાને મૂકેલા સંકલ્પો પણ એક વાર જોઈ લેવા જેવા છે. તેમની પોતાની લાયબ્રેરીમાં વર્ગીકૃત કરેલા લગભગ ૩૦૦૦થી વધુ પુસ્તકો છે. અંધ, અપંગ, વૃધ્ધ, વિધવા, અનાથ, નિરાધાર, ગરીબ, બિમાર, સંત, ભકત અને ગુરુ તેમના માનીતા પાત્રો છે, તેમની પાસેથી તેઓ એક પૈસો લેતા નથી.

વિચારકણિકા:

મૃત્યુ એટલે શું? શ્વાસનું બંધ થઈ જવું? હૃદયનું અટકી જવું?,લોહીનું થીજી જવુ? ના,ના,ના! તો,મૃત્યુ એટલે વાંચ્યા વગરનું પુસ્તક લાયબ્રેરીમાં પાછું આપી દેવું!